દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
ગુરુવાર ૨૦ ઓગસ્ટ, ૨૦૨૬

ફરી ભાવનગરમાં લઠ્ઠાકાંડ, સરકાર કડકાઈથી અટકાવે અથવા દારૂબંધી છૂટી કરી દે

ગુજરાતની ઓળખ માત્ર તેના વિકાસ, વેપાર, કે ભૌગોલિક સ્થાન પૂરતી મર્યાદિત નથી; ગુજરાત ગાંધી અને સરદારની ભૂમિ તરીકે ઓળખાય છે, જ્યાં દારૂબંધી એ માત્ર એક કાયદો કે વહીવટી નિયમ નથી પરંતુ રાજ્યાશ્રય પામેલો એક નૈતિક મૂલ્યનો સિદ્ધાંત છે. પરંતુ, સમયાંતરે ગુજરાતના કોઈ ને કોઈ ખૂણેથી ઉઠતી કરૂણ ચીસો અને શ્મશાનમાંથી નીકળતી અર્થીઓ આ નૈતિક મૂલ્ય અને કાયદાકીય કડકાઈના દાવાઓની ઘજાગરા ઉડાડે છે. દારૂબંધીના નામે ઊભી કરાયેલી કાગળ પરની અભેદ્ય દીવાલોને ભેદીને જ્યારે 'ઝેરી દારૂ' એટલે કે 'લઠ્ઠો' ગરીબ અને શ્રમજીવી વર્ગના ઘરોમાં કાળો કેર વર્તાવે છે ત્યારે સવાલ માત્ર કાયદા અને વ્યવસ્થા પર નથી ઊઠતો, પરંતુ સમગ્ર શાસનતંત્ર અને સામાજિક માનસિકતા પર ગંભીર પ્રશ્નાર્થચિહ્ન મૂકાય છે. લઠ્ઠાકાંડને પગલે ફરી ચર્ચાઓ ઉઠી છે કે ગુજરાતમાં દારૂબંધી છુટી કરી દેવી જોઈએ.

ગુજરાતમાં દારૂબંધીનો ઇતિહાસ જેટલો જૂનો છે, એટલો જ જૂનો અને કાળો ઇતિહાસ અહીં સમયાંતરે થતાં લઠ્ઠાકાંડોનો પણ રહ્યો છે. અમદાવાદનો ૧૯૮૯નો વિખ્યાત લઠ્ઠાકાંડ હોય, ૨૦૦૯નો ઓઢવ લઠ્ઠાકાંડ હોય, ૨૦૨૨માં બોટાદ અને અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં બનેલી ઘટનાઓ હોય, કે પછી હાલમાં જ ભાવનગરના ઘોઘા તાલુકાના ખરકડી ગામે નકલી અને ઝેરી દારૂ પીવાથી સર્જાયેલી કરૂણાંતિકા હોય–દરેક વખતે દ્રશ્ય અને પરિણામ એકસરખા જ રહ્યા છે.

સામાન્ય રીતે કાયદેસર રીતે ઉત્પાદિત થતા દારૂમાં ઈથાઈલ આલ્કોહોલ હોય છે, જે નશો ઉત્પન્ન કરે છે પરંતુ નિર્ધારિત પ્રમાણમાં તે ત્વરિત પ્રાણઘાતક હોતો નથી. પરંતુ ગેરકાયદેસર દેશી દારૂના ધંધાર્થીઓ કે નકલી બ્રાન્ડ બનાવતા બુટલેગરો વધુ ઝડપથી નશો ચડાવવા, ઓછા ખર્ચે વધુ જથ્થો બનાવવા અને ગ્રાહકોને આકર્ષવા માટે દારૂમાં કેમિકલ, મિથાઈલ આલ્કોહોલ, ઓક્સિટોસિન અથવા યુરિયા અને બેટરીના એસિડ જેવા અત્યંત ઝેરી પદાર્થો ભેળવે છે. મિથાઈલ આલ્કોહોલ કે ઝેરી રસાયણો જ્યારે માનવ શરીરમાં પ્રવેશ કરે છે ત્યારે તે લિવરમાં જઈને 'ફોર્મિક એસિડ'માં રૂપાંતરિત થાય છે. આ એસિડ રક્તમાં ભળતાં જ વ્યક્તિની આંખોની રોશની છીનવાઈ જાય છે, મગજ અને કિડની કામ કરતાં બંધ થઈ જાય છે, અને અંતે મલ્ટિ-ઓર્ગન ફેઇલ્યોરને કારણે અત્યંત વેદનાદાયક મૃત્યુ નીપજે છે. સૌથી મોટો પ્રશ્ન એ છે કે, જે મિથાઈલ આલ્કોહોલ કે ઝેરી રસાયણો અત્યંત ભયાનક છે અને જેનો ઉપયોગ ઔદ્યોગિક હેતુઓ માટે સખત નિયંત્રણ હેઠળ થવો જોઈએ, તે આટલા મોટા પ્રમાણમાં દેશી દારૂ બનાવનારા કે નકલી દારૂનું પેકિંગ કરનારા બુટલેગરોના હાથ સુધી પહોંચે છે કેવી રીતે?

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં દારૂ સરળતાથી મળે છે. આ વાસ્તવિકતાથી રાજ્યનો નાનામાં નાનો નાગરિક પરિચિત છે, તો પછી ગૃહ વિભાગ અને પોલીસ તંત્ર અજાણ હોવાનો દાવો કેવી રીતે કરી શકે? કોઈપણ વિસ્તારમાં જ્યારે ગેરકાયદેસર દારૂનો અડ્ડો ચાલે છે, દેશી લઠ્ઠો ઉકાળવામાં આવે છે કે નકલી દારૂનું નેટવર્ક ચાલે છે, ત્યારે સ્થાનિક બીટ જમાદારથી માંડીને ઉચ્ચ અધિકારીઓ સુધી તેની માહિતી હોવી એ ખુલ્લી કિતાબ જેવી વાત છે. પરંતુ, 'હપ્તા રાજ' અને ભ્રષ્ટાચારની ઊંડી જાળને કારણે આ ગેરકાયદેસર પ્રવૃત્તિઓને છૂટો દોર મળે છે. જ્યારે ભાવનગર જેવી લઠ્ઠાકાંડની ઘટના બને છે ત્યારે સિસ્ટમ પોતાનો બચાવ કરવા માટે સ્ટેટ મોનિટરિંગ સેલ કે SITની રચના કરીને, સ્થાનિક પોલીસ અધિકારીઓ સામે પગલાં ભરીને અને થોડા બુટલેગરોની અટકાયત કરીને 'કામગીરી'નો દેખાવ કરે છે. પરંતુ જે મૂળિયાં છે, જે મોટા કેમિકલ સપ્લાયરો, સિન્ડિકેટ ચલાવનારાઓ અને કાળી કમાણી પચાવી પાડનારા આકાઓ છે, તેમના સુધી તપાસના હાથ ક્યારેય પહોંચતા નથી. તપાસ પંચોની રચના થાય છે, અહેવાલો ધૂળ ખાતા પડી રહે છે અને થોડા સમય પછી સ્થિતિ પુનઃ "યથાતથ" થઈ જાય છે. વાસ્તવિકતા એ છે કે જો કાયદો અસ્તિત્વમાં હોય તો તેનો અમલ સમાન અને કડક હોવો જોઈએ. દારૂબંધીનો કાયદો હોવા છતાં જો ઝેરી કે નકલી દારૂ ખુલ્લેઆમ વેચાતો હોય, તો તેનો અર્થ એ થાય છે કે કાયદાનો ભય ગુનેગારોના મનમાંથી સાવ નીકળી ગયો છે. કાયદામાં સુધારા કરીને કડક જોગવાઈઓ અને ફાંસી સુધીની સજાની વાતો કરવામાં આવી હોવા છતાં, જો એક પણ મોટા ગુનેગારને દ્રષ્ટાંતરૂપ સજા ન થાય, તો આ કાયદાઓ માત્ર શો-પીસ બનીને રહી જાય છે. ગુજરાતને લઠ્ઠાકાંડના કલંકમાંથી મુક્ત કરાવવું હોય તો માત્ર નિવેદનો, પ્રાથમિક સસ્પેન્શન કે બે-ચાર બુટલેગરોની ધરપકડથી કામ નહીં ચાલે. તેના માટે ક્રાંતિકારી અને આકરાં પગલાં લેવાની જરૂર છે. લઠ્ઠાકાંડના કેસો માટે સ્પેશિયલ ફાસ્ટ-ટ્રેક કોર્ટની રચના કરી ૬ મહિનાની અંદર દોષિતો અને ઝેરી રસાયણ કે નકલી દારૂ સપ્લાય કરનારાઓને આજીવન કેદ કે ફાંસી જેવી કડકમાં કડક સજા થવી જોઈએ, જેથી અન્ય ગુનેગારોમાં ભય પેદા થાય. માનવ જિંદગીની કિંમત થોડાક રૂપિયાના હપ્તા કે રાજકીય સ્વાર્થ કરતા વધુ હોવી જોઈએ. સરકાર, પોલીસ અને સમાજે ભેગા મળીને નક્કી કરવું પડશે કે ગાંધીના ગુજરાતમાં 'ઝેરના આ કાળા વેપાર'ને હવે વધુ સહન કરવામાં નહીં આવે. જો હવે પછી પણ ભાવનગર જેવી ઘટનાઓનું પુનરાવર્તન થશે અને નિર્દોષોના લોહીથી રાજ્યની ધરા લાલ થશે, તો તેની નૈતિક જવાબદારીથી શાસનતંત્ર ક્યારેય મુક્ત થઈ શકશે નહીં તે નક્કી છે.

ગુજરાતમાં ગ્રામ્ય રોજગારીનું બદલાતું પરિદૃશ્ય

ઈકો-નોમિક્સ

ડૉ.જયનારાયણ વ્યાસ

સવારના પહેલા કિરણ સાથે હાથમાં કામની આશા લઈને નીકળતા મજૂરો માટે જોબકાર્ડ માત્ર કાગળનો ટુકડો નથી, પરંતુ અસ્તિત્વની ગેરંટી છે

ગ્રામીણ ભારતના અર્થતંત્ર અને ખાસ કરીને ગુજરાતના ગામડાઓમાં મનરેગા (MGNREGA) યોજના માત્ર રોજગારીનું સાધન નથી, પરંતુ લાખો પરિવારો માટે ભૂખ સામેની લડાઈનું અચૂક હથિયાર રહી છે. સવારના પહેલા કિરણ સાથે હાથમાં કામની આશા લઈને નીકળતા મજૂરો માટે જોબકાર્ડ માત્ર કાગળનો ટુકડો નથી, પરંતુ અસ્તિત્વની ગેરંટી છે. પરંતુ છેલ્લા પાંચ વર્ષ દરમિયાન ગુજરાતના ગ્રામીણ રોજગાર ક્ષેત્રે એક એવું પરિવર્તન આવ્યું છે, જેણે અનેક ગંભીર સવાલો ઊભા કર્યા છે. છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાંથી ૮ લાખથી વધુ જોબકાર્ડ અને ૨૫ લાખથી વધુ કામદારોનાં નામ સિસ્ટમમાંથી દૂર કરવામાં આવ્યાં છે. આ આંકડાઓ માત્ર ડેટાબેઝની સફાઈ છે કે પછી કોઈના જીવનની રોજીરોટી છીનવાઈ જવાનો સંકેત? તે એક ઊંડા અભ્યાસ અને ચિંતાનો વિષય છે.

આંકડાઓની પાછળ છુપાયેલી વાસ્તવિકતા

જાન્યુઆરી ૨૦૨૧થી જુલાઈ ૨૦૨૬ સુધીના સમયગાળા પર નજર કરીએ તો ગુજરાતમાં કુલ ૮,૧૦,૯૪૮ જોબકાર્ડ રદ થયા છે અને ૨૫,૬૫,૫૫૬ કામદારોનાં નામ ડેટાબેઝમાંથી દૂર કરવામાં આવ્યાં છે. આ આંકડાઓ માત્ર આંકડાકીય ગણતરી નથી, પરંતુ દરેક નંબરની પાછળ એક સંઘર્ષશીલ પરિવાર, એક વૃદ્ધ માતા, એક બેરોજગાર યુવાન અને એવો શ્રમજીવી છે, જે રોજ સવારે આશા સાથે ઘરેથી નીકળે છે અને સાંજે ખાલી હાથે પાછા ફરવા મજબૂર બને છે.

વર્ષવાર આંકડાકીય વિશ્લેષણ કરીએ તો સ્થિતિ વધુ સ્પષ્ટ થાય છેઃ

૨૦૨૧માં ૫૨,૬૫૫ નામ દૂર કરવામાં આવ્યાં.

૨૦૨૨માં ૧,૩૦,૮૦૮ નામ દૂર કરવામાં આવ્યાં.

૨૦૨૩માં એક જ વર્ષમાં મોટી સંખ્યામાં એટલે કે ૩,૬૪,૯૦૩ જેટલા જોબકાર્ડ રદ થયા, જેમાં એક જ વર્ષમાં ૧૦.૨૮ લાખ કામદારોનાં નામ સિસ્ટમમાંથી બહાર થઈ ગયાં. આ આંકડો એક આખા શહેરની વસ્તી જેટલો છે.

૨૦૨૪માં ૭૪,૧૫૨ જોબકાર્ડ ઘટ્યાં.

૨૦૨૫માં ૩૫,૨૪૨ જોબકાર્ડ દૂર થયા.

૨૦૨૬માં માત્ર પ્રથમ છ મહિનામાં જ ૧,૫૩,૧૮૮ જોબકાર્ડ ગાયબ થઈ ગયાં.

સરકારનો પક્ષ અને ડેટા ક્લીનિંગની પ્રક્રિયા સરકાર અને વહીવટી તંત્રનું માનવું છે કે આટલી મોટી સંખ્યામાં નામ દૂર કરવા પાછળનો હેતુ કોઈ ગરીબ કે સાચા શ્રમિકને યોજનાથી વંચિત રાખવાનો નથી, પરંતુ આ એક 'ડેટા ક્લીનિંગ'ની પ્રક્રિયા છે. આ પ્રક્રિયા અંતર્ગત મૃત વ્યક્તિઓનાં નામ, ડુપ્લિકેટ એન્ટ્રીઓ અને સ્થળાંતરિત પરિવારો એટલે કે ગામ છોડીને શહેરમાં શિફ્ટ થયેલા લોકોને ઓળખીને દૂર કરવામાં આવ્યા છે, જેથી જાહેર નાણાંનો દુરુપયોગ અટકે અને સાચા લાભાર્થીઓ સુધી જ સહાય પહોંચે. પરંતુ સવાલ એ ઊભો થાય છે કે જો આ સફાઈ માત્ર તકનીકી કે વહીવટી પ્રક્રિયા છે, તો ગામડાંઓમાં આટલી અશાંતિ અને ચુપકીદી કેમ જોવા મળી રહી છે? એક તરફ સરકારી આંકડાઓ રોજગાર વધ્યાનો દાવો કરે છે, તો બીજી તરફ ગામડાંના યુવાનો કામ ન મળવાની અને મનરેગામાં નામ કપાઈ ગયાની ફરિયાદો કરી રહ્યા છે. ટેકનોલોજીની દિવાલ અને રોજગારની માંગમાં ઘટાડો

વર્ષ ૨૦૨૫-૨૬માં જ્યાં ૬,૧૨,૨૯૫ પરિવારો કામની માંગ કરતા હતા, ત્યાં ૨૦૨૬-૨૭માં આ આંકડો ઘટીને ૩,૮૪,૯૧૦ પર આવી ગયો. સરકાર આ ઘટાડાને સકારાત્મક માને છે અને તર્ક આપે છે કે લોકો હવે ખાનગી ક્ષેત્ર કે શહેરો તરફ રોજગારી માટે વળી રહ્યા છે. પરંતુ વાસ્તવિકતા અલગ પણ હોઈ શકે છે. ગામડાંના શ્રમિકો માટે ઈ-કેવાયસી, બાયોમેટ્રિક વેરિફિકેશન, ઓનલાઈન હાજરી અને નેટવર્કની સમસ્યાઓ જેવી ડિજિટલ જટિલતાઓએ એક અદૃશ્ય દિવાલ ઊભી કરી દીધી છે. જે વૃદ્ધ મજૂર કે અભણ શ્રમિકને સ્માર્ટફોન ચલાવતાં નથી આવડતું, તેની ફિંગરપ્રિન્ટ મેચ ન થવાને કારણે અથવા ટેકનિકલ ખામીને લીધે સિસ્ટમ તેને 'અનફિટ' જાહેર કરી દે છે. પરિણામે, તેઓ ઈચ્છવા છતાં કામની માંગ જ કરી શકતા નથી. નવી યોજના 'VB-G RAM G' અને ભવિષ્યના પડકારો ૧ જુલાઈ ૨૦૨૬થી ભારતની ગ્રામ્ય રોજગાર નીતિમાં મોટો બદલાવ આવ્યો છે અને લાંબા સમયથી ચાલતી MGNREGA વ્યવસ્થા હવે ભૂતકાળ બનીને નવી યોજના 'VB-G RAM G'માં પરિવર્તિત થઈ છે. આ નવી યોજનામાં ૧૨૫ દિવસની રોજગાર ગેરંટી, પાણી સુરક્ષા, ગ્રામ વિકાસ અને આબોહવા પરિવર્તન સામે લડત જેવા આકર્ષક લક્ષ્યો રાખવામાં આવ્યા છે. કાગળ પર આ યોજનાઓ ખૂબ જ સુંદર દેખાય છે, પરંતુ જમીની હકીકત એ છે કે જ્યાં સુધી છેવાડાના માનવી સુધી આ યોજનાઓ સરળતાથી નહીં પહોંચે, ત્યાં સુધી તેનો વાસ્તવિક લાભ મળવો મુશ્કેલ છે.

સાચી સફળતા એ નથી કે ડેટાબેઝમાંથી કેટલાં લાખ નકલી કે ડુપ્લિકેટ નામ કાઢી નાખવામાં આવ્યાં, પરંતુ વાસ્તવિક સફળતા એ છે કે જ્યારે ગુજરાતના કોઈ પણ ગામનો એક ગરીબ શ્રમિક સવારે જાગે ત્યારે તેને પૂરો વિશ્વાસ હોય કે આજે તેને સન્માનપૂર્વક, સમયસર અને કોઈપણ ભેદભાવ કે ટેકનિકલ અડચણ વિના રોજગારી મળી રહેશે. જ્યાં સુધી છેવાડાનો માનવી કામ માટે ભટકતો રહેશે, ત્યાં સુધી કોઈ પણ આંકડાકીય સુધારો સંપૂર્ણ વિકાસની ગવાહી આપી શકે નહીં. આપણે ગમે તેવી આધુનિક નીતિઓ ઘડીએ કે ટેકનોલોજીના મોટા દાવા કરીએ, પરંતુ કોઈ પણ રાજ્યની ખરી પ્રગતિનો માપદંડ તેના છેવાડાના અને સૌથી નબળા માનવીના ચહેરા પરનું સ્મિત જ હોઈ શકે છે. મનરેગાથી લઈને નવી 'VB-G RAM G' યોજના સુધીની આ સફરમાં અસલી વિજય ત્યારે જ ગણાશે, જ્યારે વિકાસના આંકડા કાગળ પર નહીં, પરંતુ દરેક શ્રમિકના ઘરના ચૂલામાં અગ્નિ બનીને પ્રગટે. રોજીરોટી માટેનો સંઘર્ષ લઘુતમ બને અને આત્મસન્માન મહત્તમ બને, તો જ આપણી આર્થિક પ્રગતિ સાર્થક અને જીવંત બનશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ગુસ્સાના અંગારા

એક માણસને વર્ષોથી પોતાના પાડોશી સાથે વેર હતું. વર્ષો પહેલાં નાની વાતને લઈને બંને વચ્ચે ઝઘડો થયો હતો, પરંતુ તે માણસના મનમાં વેરની ગાંઠ એવી સજ્જડ બંધાઈ ગઈ હતી કે અનેક વર્ષો વીતી ગયા છતાં તેના મનમાં પોતાના પાડોશી માટેનો ગુસ્સો ઓછો થતો ન હતો. પાડોશી હતા એટલે સામસામે તો થઈ જ જવાય. પાડોશી કંઈ ન બોલે તો પણ માત્ર તેને જોઈને જ તે માણસ ગુસ્સે થઈ જતો. સતત પાડોશીને કઈ રીતે હેરાન કરવો અને કઈ રીતે તેને નુકસાન પહોંચાડવું, તે જ વિચારો તેના મનમાં ચાલતા રહેતા. પત્ની તેને ઘણી વાર સમજાવતી કે, "વીતી ગયેલી વાતો ભૂલી જાઓ અને શાંતિથી જીવો."એક દિવસ અચાનક તેના ઘરે તેના ગુરુજી પધાર્યા. એ સમયે પણ તે પોતાના પાડોશી સાથે ઝઘડી રહ્યો હતો. ગુરુજીને પધારેલા જોઈને તે ચુપચાપ ઘરની અંદર જતો રહ્યો.

ગુરુજીએ તેને કંઈ પૂછ્યું નહીં. પરંતુ પત્નીથી રહેવાયું નહીં એટલે તેણે ગુરુજીને ફરિયાદ કરતાં કહ્યું, "વર્ષો પહેલાં થયેલો ઝઘડો આજે પણ તેઓ મનમાં રાખીને જીવે છે."

પેલો માણસ આ બધું સાંભળી રહ્યો હતો. તેના મનમાં હજુ પણ ગુસ્સો ભરેલો હતો.

ગુરુજીએ પત્નીને પોતાની પાસે બોલાવી અને ધીમેથી કંઈક કહ્યું. થોડી જ વારમાં પત્ની રસોડામાંથી સળગતા કોલસાના ગરમ અંગારા એક વાસણમાં ભરીને લઈ આવી.

ગુરુજીએ પેલા માણસને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું, "તારા મનમાં બહુ ગુસ્સો છે ને? ચાલ, આજે તારા દુશ્મનને બરાબર પાઠ ભણાવીએ. લે, આ ગરમ અંગારા હાથમાં લઈ લે અને તારા દુશ્મનના ઘરમાં ફેંકી આવ. આમ તેનો ઘર સળગી જશે અને તારો ગુસ્સો પણ શાંત થઈ જશે."

પેલો માણસ ખુશ થઈ ગયો. તેને થયું કે આજે તો ગુરુજી પણ મારી સાથે છે. તેણે તરત જ ગરમ અંગારાઓ ભરેલું વાસણ હાથમાં લઈ લીધું.

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

વાસણ ગરમ હતું અને તેમાં રહેલા સળગતા અંગારા તો એથી પણ વધુ ગરમ હતા. વાસણ હાથમાં લેતાં જ તેના હાથ દાઝવા લાગ્યા. ગુરુજીએ કહ્યું, "ચાલ, વાસણ લઈને જા અને તારા હાથથી આ અંગારા ઉપાડીને તેના ઘરમાં ફેંક."

માણસે તરત જ વાસણ નીચે મૂકી દીધું અને બોલ્યો, "ગુરુજી, મારા હાથ તો દાઝી ગયા! હું હાથથી આ અંગારા ઉપાડીને કઈ રીતે ફેંકું? હું તો પોતે જ દાઝી જઈશ."

ગુરુજી હસ્યા અને બોલ્યા, "બરાબર, તારી વાત સાચી છે. આ અંગારાથી તારા હાથ દાઝી રહ્યા છે. ગુસ્સો પણ આ અંગારા જેવો જ હોય છે. તું જેને નુકસાન પહોંચાડવા માટે મનમાં ગુસ્સો રાખે છે, તે પહેલાં તો તને જ અંદરથી બાળે છે."

આ સાંભળીને માણસ એકદમ ચુપ થઈ ગયો. તેણે નીચું જોઈ લીધું. થોડી વાર પછી ધીમા અવાજે બોલ્યો, "ગુરુજી, તો હું શું કરું?"

ગુરુજીએ ગરમ અંગારા પર પાણી નાખ્યું અને કહ્યું, "આમ જ તારા મનના ગુસ્સાને પણ ઠારી નાખ. ગુસ્સો અને વેર મનમાં રાખીશ તો તું જ દુઃખી થઈશ. જે થઈ ગયું તેને ભૂલી જા અને આગળ વધ. જીવન ખૂબ નાનું છે, તેને વેર અને ગુસ્સામાં બરબાદ ન કર."

ગુરુજીએ તેને સાચો રસ્તો બતાવ્યો હતો. તે દિવસે માણસને સમજાયું કે વેરની આગમાં દુશ્મન નહીં, પરંતુ પોતે જ બળતો હતો.

જળવાયુ પરિવર્તન સમગ્ર બાળવિકાસને અસર કરે છે

ફીર દેખો યારોં

બીરેન કોઠારી

જળવાયુ પરિવર્તનનો અર્થ ફક્ત પર્યાવરણનું નુકસાન નથી; તે દેશના ભાવિ માનવસંસાધન પર થતી વિપરીત અસર પણ છે

આપણા દેશનાં અનેક બાળકો ગરીબી, બીમારી, પોષણ અને શિક્ષણના અભાવ જેવી બાબતોથી ગ્રસ્ત છે, એ હકીકત હવે જૂની થઈ. એ દિશામાં કામ ચાલી રહ્યું હોવા છતાં હજી એનાથી સંપૂર્ણપણે મુક્તિ મળી નથી. પરંતુ જળવાયુ પરિવર્તન એક એવું પરિબળ બની રહ્યું હોવાનું જાણવા મળ્યું છે, જેનાથી કેવળ ગરીબ જ નહીં, આપણા દેશનું એકેએક બાળક અસરગ્રસ્ત થઈ રહ્યું છે અને આ દાવો કોઈ એકાદ-બે પર્યાવરણવાદી સંસ્થાનો નથી, પરંતુ 'યુનિસેફ' (યુનાઈટેડ નેશન્સ ચિલ્ડ્રન્સ ઈમરજન્સી ફંડ) ના 'ધ ચિલ્ડ્રન્સ ક્લાઈમેટ રિસ્ક રિપોર્ટ 2026' નામના અહેવાલનું તારણ છે. બાળકો પર તોળાઈ રહેલા જોખમોના 'ગ્લોબલ ચાઈલ્ડ હેઝાર્ડ ડેટાબેઝ'ના આધારે તૈયાર કરાયેલા આ અહેવાલમાં વિશ્વભરનાં બાળકો કયા પ્રકારનાં આબોહવા જોખમોનો સામનો કરી રહ્યાં છે. તેનું અત્યાર સુધીનું સૌથી વિગતવાર ચિત્ર રજૂ કરવામાં આવ્યું છે.

આ અહેવાલમાં ભારત વિશેના આંકડા વધુ ચિંતાજનક છે. એ મુજબ આપણા દેશમાં 99.7 ટકા બાળકો જળવાયુ સંબંધિત ઓછામાં ઓછા એક જોખમના સંપર્કમાં છે. એટલું જ નહીં, લગભગ 97 ટકા બાળકો એકસાથે બે કે તેથી વધુ જળવાયુ જોખમોનો સામનો કરે છે, જ્યારે 55 ટકા બાળકો ત્રણ કે તેથી વધુ જળવાયુ જોખમોથી ઘેરાયેલા છે. આશરે 39.2 કરોડ બાળકો અતિશય ગરમી અને લગભગ 9 કરોડ બાળકો હીટવેવની અસરવાળા વિસ્તારોમાં રહે છે.

જળવાયુ પરિવર્તનની ચર્ચા થાય ત્યારે સામાન્ય રીતે વધતા તાપમાનના નવા વિક્રમો, અનિયમિત વરસાદ, વાવાઝોડાં, પૂર કે દુષ્કાળ જેવા મુદ્દાઓ મુખ્ય હોય છે. વિવિધ પ્રકારના આંકડા રજૂ થાય છે, કાર્બન ઉત્સર્જનની ચર્ચા થાય છે અને આંતરરાષ્ટ્રીય પરિષદોમાં ભાગ લેનારા દેશો પ્રતિબદ્ધતા જાહેર કરે છે. આ અને આવી અન્ય ચર્ચાઓમાં એક પ્રશ્ન મોટે ભાગે કદી ચર્ચાતો નથી અને તે એ છે કે આ બધાની સૌથી મોટી કિંમત કોણ ચૂકવી રહ્યું છે? એનો જવાબ છેઃ બાળકો. આ બાબત અતિશય ચિંતાજનક નથી લાગતી? કેમ કે જળવાયુ પરિવર્તન માટે આ બાળકો જવાબદાર નથી, પરંતુ તેની સૌથી મોટી કિંમત તેઓ ચૂકવી રહ્યા છે. આ શી રીતે થાય છે એ સમજવા જેવું છે. એક પુખ્ત વ્યક્તિ અતિશય ગરમીમાં પણ પોતાનું ધ્યાન રાખી શકે છે. તેને એનાં જોખમનો અંદાજ હોય છે. પરંતુ બાળકનું શરીર હજી વિકસી રહ્યું હોય છે. ઊંચું તાપમાન, પ્રદૂષિત હવા કે દૂષિત પાણી તેની શારીરિક વૃદ્ધિ પર લાંબા ગાળાની અસર કરી શકે છે. 'યુનિસેફ'નો અહેવાલ એક મહત્વની બાબત તરફ પણ ધ્યાન દોરે છે. એ મુજબ જળવાયુ પરિવર્તનનું જોખમ ક્યારેય એકલું આવતું નથી. અતિશય ગરમી, પૂર કે દુષ્કાળ જેવી પરિસ્થિતિઓનું જોડાણ નબળી આરોગ્યસેવાઓ, પીવાના પાણીની અપૂરતી વ્યવસ્થા, કુપોષણ, શિક્ષણમાં વિક્ષેપ અને સામાજિક સુરક્ષાના અભાવ સાથે થાય ત્યારે બાળકો માટેનું જોખમ અનેકગણું વધી જાય છે. ટૂંકમાં કહીએ તો આ પ્રશ્ન કેવળ વાતાવરણને લગતો નથી, પરંતુ સમગ્ર બાળવિકાસનો છે.

અને એ બાબત ચોક્કસ છે કે જળવાયુ પરિવર્તનની અસર માત્ર આરોગ્ય પૂરતી મર્યાદિત નથી. પૂર આવે ત્યારે શાળાઓ બંધ થાય છે. દુષ્કાળ વખતે પરિવારો રોજગારની શોધમાં સ્થળાંતર કરે છે અને બાળકોનું શિક્ષણ અધવચ્ચે અટકી જાય છે. અતિશય ગરમીને કારણે શાળાનો સમય બદલવો પડે કે રજાઓ લંબાવવી પડે છે. એટલે કે એ શિક્ષણનો પણ પ્રશ્ન છે. બીજી એક અસર એટલી જ ગંભીર છે. કુદરતી આપત્તિ પછી સૌથી પહેલાં ગરીબ પરિવારોને અસર થાય છે.

તેમની આવક ઘટે છે, રોજગાર અસ્થિર થાય છે અને તેનો સીધો પ્રભાવ બાળકોના પોષણ પર પડે છે. કુપોષણ, ચેપી રોગો અને શિક્ષણથી વંચિતતાનો ખતરો વધી જાય છે. એ રીતે જળવાયુ પરિવર્તન અસમાનતાની ખાઈને વધુ પહોળી કરે છે.

ભારત જેવા દેશમાં આ પ્રશ્ન વધુ ગંભીર છે, કારણ કે બાળકોની સૌથી વધુ સંખ્યા ધરાવતા દેશોમાં ભારત એક છે. તેથી જળવાયુ પરિવર્તનનો અર્થ ફક્ત પર્યાવરણનું નુકસાન નથી; તે દેશના ભાવિ માનવસંસાધન પર થતી વિપરીત અસર પણ છે. હીટવેવને કારણે શાળામાં ન જઈ શકતું, કુપોષણનો ભોગ બનતું કે પ્રદૂષિત હવાને કારણે બીમાર પડતું આજનું બાળક આવતીકાલનો નાગરિક છે.

નવાઈ લાગે એવી કે આમ તો નવાઈ ન લાગે એવી વાત એ છે કે જળવાયુને લગતી નીતિઓ ઘડતી વખતે બાળકોને કેન્દ્રમાં રાખીને ભાગ્યે જ વિચારાય છે. અન્ય નીતિઓની સાથે શાળાઓને ગરમી અને પૂર સામે વધુ સુરક્ષિત બનાવવી, પીવાના પાણીની વ્યવસ્થા સુધારવી, શાળાઓમાં ગરમી સામે રક્ષણની વ્યવસ્થા કરવી, બાળકો માટે આરોગ્યસેવાઓ મજબૂત બનાવવી અને કુદરતી આપત્તિ સમયે શિક્ષણમાં વિક્ષેપ ઓછામાં ઓછો થાય એ માટે અલગ આયોજન કરવું એટલું જ જરૂરી છે. 'યુનિસેફ' દ્વારા પણ વિવિધ સરકારોને 'બાળકેન્દ્રિત જળવાયુ અનુકૂલન'ને નીતિના કેન્દ્રમાં રાખવાની ભલામણ કરવામાં આવી છે.

વક્તા એ છે કે જળવાયુ પરિવર્તનની ચર્ચા ઘણી બધી વાર 'ભાવિ પેઢી'ના નામે થાય છે. હકીકત એ છે કે એ 'ભાવિ પેઢી' હવે 'વર્તમાન પેઢી' બની ગઈ છે. પ્રશ્ન ભવિષ્યનો નથી; વર્તમાનનો છે. એ માત્ર પર્યાવરણ સામેનો પડકાર નથી, પરંતુ રાષ્ટ્રના ભવિષ્ય માટેનો પણ સૌથી ગંભીર પડકાર છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

દેશભક્તિના બીજ વાવવા જરૂરી છે!

આજે આઝાદીના ૮૦ વર્ષ પૂરા થયા, આ વર્ષોમાં દેશના નાગરિકોએ પ્રચંડ પુરુષાર્થ કર્યો, ખેતી, ઉદ્યોગ, સેવા, સ્પોર્ટ, માળખાગત સુવિધાઓ દરેક ક્ષેત્રે પ્રગતિ કરી એ ખૂબ જ સરાહનીય અને ભારતની છબીને ચાર ચાંદ લગાવે છે. ક્રાંતિકારીઓના બલિદાનનું મૂલ્ય વધારે છે.

જ્યારે આજે પણ કેટલાક લોકો, કેટલીક ઘટનાઓ, ભારતની આ સોનેરી ઝલક પર કલંક સમાન છે. હાલ તેમ છતાં આ ઓછા પ્રમાણમાં છે એમ કહી શકાય, પરંતુ જો આવનાર પેઢી કે જે ભારતનું ભવિષ્ય છે જે ક્યાંક આવા ગેરમાર્ગે ન જોડાય અને ભારતની આઝાદીની ચમક ઝાંખી ન પાડે તે માટે તેમને આઝાદી, સુખ, શાંતિ અને એકતાનું મહત્વ સમજાવવા શિક્ષકોએ, વડીલોએ તેમના પ્રેમાળ હૃદયમાં સતત દેશભક્તિના બીજ વાવવા પડશે.

તાપી -યોગેશકુમાર પટેલ

રીક્ષા ચાલક ભાઈઓને વિનંતી

સુરત શહેરમાં રીક્ષાની સવલત ઉત્તમ કક્ષાની છે. તેમાંય-રીક્ષા ઓછા ખર્ચે ગંતવ્ય સ્થાને પહોંચાડે છે. એ માટે રીક્ષા ચાલક બંધુઓનો આભાર વ્યક્ત કરવો જ રહ્યો! પરંતુ જે રીતે પ્રવાસીઓની શોધમાં ગમે ત્યાં રીક્ષા ઊભી રાખે એ કેટલે અંશે યોગ્ય કહેવાય? પાછળથી આવતા વાહનો એ અચાનક બ્રેક મારીને ઊભા રહી જવુ પડે, નહીં તો અકસ્માત સર્જાય! પાછળથી આવતા વાહનચાલકોને ખબર નથી હોતી કે અચાનક આગળ રીક્ષા ઊભી રહી જશે! અયોગ્ય રીતે ઊભા રહીને બીજા વાહનચાલકોને મુશ્કેલીમાં મૂકી દેવા સંપૂર્ણપણે અયોગ્ય કહેવાય. વાહન અથડાય એટલે કકળાટ ઉપસ્થિત થાય, અન્ય રીક્ષા ચાલક ભાઈઓ રીક્ષાવાળા ભાઈની તરફેણ કરવા પહોંચી જ જાય! રીક્ષામાં ત્રણ-ચાર વ્યક્તિની બેઠક જ હોય, આગળ ચાલકની બાજુમાં પણ બીજી બે વ્યક્તિ બેઠી હોય તો પણ અન્ય ને બેસાડવા માટે રીક્ષા ચાલક ભાઈ અચાનક બ્રેક મારી રીક્ષા ઊભી રાખે! ઘણા વાહનચાલકોને ઉપર્યુક્ત સ્વાનુભવ હશે જ! પણ કોણ સમય બગાડે? રીક્ષાચાલક ભાઈઓને સમજાવવા વિનંતી.

સુરત - નેહા શાહ

શ્રદ્ધા કે પાખંડ?

ગુજરાતમાં હાલ દશામાતાજીના પવિત્ર વ્રત ચાલી રહ્યા છે. માતાઓ અને બહેનો શ્રદ્ધાપૂર્વક દસ દિવસ સુધી માતાજીની મૂર્તિનું સ્થાપન કરી સવાર-સાંજ પૂજન-અર્ચન કરી રહ્યા છે. અનેક સ્થળોએ સામૂહિક રીતે પણ માતાજીની આરાધના કરવામાં આવી રહી છે. લોકમાન્યતા છે કે દશામાની સાચા મનથી ભક્તિ કરવાથી જીવનની 'દશા અને દિશા' બંને સુધરે છે.

પરંતુ આ પવિત્ર પર્વ દરમિયાન સોશિયલ મીડિ